PARIPEX - INDIAN JOURNAL OF RESEARCH | Volume-8 | Issue-3 | March-2019 | PRINT ISSN No - 2250-1991

ORIGINAL RESEARCH PAPER | Education

# દીકરીને જન્મ લેવા દો........

KEY WORDS:

Vanitaben A Tandel

મનકી ગાંઠે ખોલ, તુ દેખ તરાજુ તોલ
સચ હૈ યહી બોલ. બેટી હોતી હૈ અનમોલ
કન્યાકા વધ દેખ રહા હૈ, મૌન જગત યહ સારા
હુઆ જમાના આજ અજન્મી બેટી કા હત્યારા.

ખરેખર દીકરી એટલે સમાજની આંખ અને રાષ્ટ્રની પાંખ, દીકરી એટલે સાક્ષાત લક્ષ્મીનો અવતાર, પ્રેમનું પવિત્ર ઝરણું, દીકરી એટલે સંસ્કારોનું ઘરેણું, સર્જનકારનું શ્રેષ્ઠ સર્જન, દીકરી એટલે ત્યાગની મૂર્તિ, વ્હાલનો ઉછળતો મહાસાગર અને સમજણનું સરોવર, દીકરી એટલે છીપનું મોતી, મેઘધનુષ, તુલસીનો ક્યારો.

પરંતુ ક્યાં છે આ દિકરીનું સંરક્ષણ? આજે સમાજમાંથી દીકરીને દૂધપીતી કરવાનો કુરિવાજ નાબૂદ થયો છે. પણ ભ્રૂણહત્યા- ગર્ભપાતનો આધુનિક કુરિવાજ ઉત્પન્ન થયો છે. દીકરીને સાપનો ભારો સમજનાર મા-બાપને ક્યાં ખબર હોય કે દીકરી તો પોતાનું નસીબ લઇને જ જન્મે છે. અરે, સુનિતા વિલિયમ્સ, કલ્પના ચાવલા, કિરણ બેદી, મધર ટેરેસા આ બધા દીકરી તરીકે જ અવતરેલાં અને સરદાર પટેલ,ગાંધીજી કે ભગવાન કૃષ્ણ પણ સ્ત્રીની જ કૂખે અવતરેલાને? તો પછી સ્ત્રીને જન્મ લેતાં શા માટે અટકાવવામાં આવે છે? શા માટે સ્ત્રી ભ્રૂણહત્યા કરવામાં આવે છે? અરે દીકરી એટલે દિલનો દીવો, જગતનું સ્વરૂપ અને સંસારનો આધાર-સ્તંભ.

ભગવાને પણ ગીતામાં કહ્યું છે કે સ્ત્રી એટલે શ્રી-વાણી-કીર્તિ-સ્મૃતિ-મેધા-ધૃતિ અને ક્ષમા. આ નિર્દયી સમાજ આ સાત વિભૂતિની જ હત્યા કરી નાખે છે. આ સમાજ કેમ નથી સમજતો કે,

દુલ્હન ન અગર દુનિયામેં
દુલ્હા કુંવારા રહ જાયેગા
ક્યા હોગા ઈસ દુનિયાકા
કોન માનવંશ ચલાયેગા...

અરે, દીકરાની ઘેલછમાં રાચનારા મા-બાપ એ જ ભૂલી જાય છે કે દીકરો જ્યારે વહાણ ડૂબાડે ત્યારે દીકરી જ તારણહાર બને છે.

અરે, સ્ત્રી વિકાસનું વર્તુળ છે, સૃષ્ટિનું સેન્ટર-પૉઇન્ટ છે, પ્રેમનો પરિઘ છે અને ત્રેવડની ત્રિજ્યા છે. ધરતીને મા કહેવામાં આવે છે, એમ સૃષ્ટિની સાચી મા સ્ત્રી જ છે. જ્યારે એક બાળકી જન્મે છે ત્યારે એ માતાનું દિલ લઇને જ જન્મે છે.

અરે, સ્ત્રી અને પુરૂષ તો સંસારરૂપી રથનાં બે પૈંડા છે. આવા આદર્શની વાત કરનારા હજું વાતો જ કર્યા કરે છે, પરંતુ એ તે આચરણમાં લાવતાં ડરે છે. અરે, દીકરાના પિંડદાનથી કોઇ બાપ સ્વર્ગે ગયો કે નહિ એની કોઇ ખાતરી નથી. પરંતુ દીકરાના લીધે જીવતાં જ નરકનો અનુભવ કરનારા બાપનાં દાખલા જોઇએ એટલા મળશે. એવા સમયે કેટલીય દીકરીઓએ દાઝેલા બાપને શાતા આપી છે! શું આવી દીકરીને જન્મવાનો અધિકાર નથી?

વિજ્ઞાનનાં બે આવિષ્કારોએ સૃષ્ટિ સામે જોખમ ઊભું કર્યું છે, જેના શોધક પણ એના ખોટા ઉપયોગથી પોતાની શોધ ઉપર પશ્ચાતાપ કરે છે. એક છે અણુ બૉમ્બ અને બીજું છે, અલ્ટ્રાસાઉન્ડ મશીન. અરે, બૉમ્બ-વિસ્ફોટની ભયાનકતા કદાચ સમજી શકીએ, પરંતુ માના ગર્ભમાં રહેલી અજન્મી દીકરીનાં અંગોના ટુકડાં કરીને મારતું અલ્ટ્રાસાઉન્ડ મશીનની ભયાનકતા તો માત્ર એ દીકરી જ અનુભવી શકે છે! શું દોષ છે એ બાળકીનો? શા માટે એને આ સૃષ્ટિ પર આવતા અટકાવવામાં આવે છે?

અરે, ગર્ભમાં દીકરીની હત્યા એ તો માતૃત્વની હાર છે. માતૃત્વને શા માટે જન્મ લેવા નથી દેતા? આજે જ્યારે દીકરાને એનાં દાદા ચકા-ચકીની વાર્તા કરે છે ત્યારે કહે છે,

એક હતો ચકો ને એક હતી............... ના.................... ના..........................
એક હતો ચકો ને એક હતો ચકો.............................
ચકો લાવે ચોખાનો દાણો ને.................. ના...................... ના.....................

એને ક્યાં ખબર છે કે ચકી હવે ક્યાં કોઇને ગમે છે? ચકીને ક્યાં આવવા દે છે?

જો સ્ત્રી નહિ તો
હયાતી માનવીની શાથી?
માનવી એટલું તો વિચાર.....

ભલભલા કઠોર હ્રદયનાં બાપને પથ્થરમાંથી મીણ બનાવે છે દીકરી. પરંતુ જો એક સ્ત્રી જ બીજી સ્ત્રીના જન્મ સમયે વિરોધ કરશે તો કેવી રીતે ચાલશે? આ દેશનું ભવિષ્ય તો સ્ત્રી જ ઘડે છે. આવા સ્ત્રીભ્રૂણને ગર્ભમાં જ મારી નાખનાર ડૉક્ટર દેવ નહિ રાક્ષસ છે, માનવ નહિ દાનવ છે.

ખરેખર માતાપિતાએ ડર્યા વિના એની દીકરીને નવા જમાનામાં જીવવા માટે તૈયાર કરવી જોઇએ,પરિસ્થિતિ સામે લડી શકે એવી મજબૂત બનાવવી જોઇએ, આત્મવિશ્વાસ આપવો જોઇએ, સાચી સમજ, સંસ્કાર, સભ્યતા શીખવવા જોઇએ. જન્મ નહિ લેવા દેવાથી કંઇ સ્ત્રીની પરિસ્થિતિ સુધરવાની નથી. સમાજને બદલવા માટે વિચાર બદલવાની જરૂર છે. મૂલ્યો, માન્યતા અને માનસિકતા બદલવાની જરૂર છે.

સમાજને સમતુલિત બનાવવો હોય તો સ્ત્રીભ્રૂણહત્યા રોકી માતાની કૂખને કબ્રસ્તાન બનતું અટકાવી શકાય. અરે, દીકરી તો જીવનરૂપી મંદિરની ટોચે બિરાજેલો એવો કળશ છે, જેના વિના મંદિર શોભા વગરનું બની જાય છે.

એક હાથે તાળી વાગશે નહિ,
સ્ત્રી વગર પરિવાર-સમાજ ચાલશે નહિ.

દીકરી જો ન રહેશે તો સમાજમાં અપરાધો વધશે, શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જોખમાશે, જાતીય રોગોનું પ્રમાણ વધશે. ટૂંકમાં કહીએ તો સૃષ્ટિનો સર્વનાશ થશે.

અંતમાં એટલું જ કહીશ કે " SAVE THE GIRL CHILD, SAVE THE

Volume-8 | Issue-3 | March-2019 | PRINT ISSN No - 2250-1991

DAUGHTER AND SAVE THE COUNTRY”

દીકરીને...............

વિહરવા દો.....................

ઊછળવા દો.....................

ઊડવા દો.....................

દીકરીને જનમવા દો.....................

દીકરીને જનમવા દો.....................